સૌરાષ્ટ્ર આજતક

પં. રાજેન્દ્ર પ્રસન્નાજીના શરણાઈના શુભ-પવિત્ર નાદ તથા બાંસુરીવાદનથી સંગીતપર્વનો થશે મંગલ આરંભ

"સપ્તસંગીતિ ૨૦૨૬" કલામહોત્સવની તડામાર તૈયારીઓને અપાતો આખરી ઓપ: રેકોર્ડબ્રેક રજીસ્ટ્રેશન સાથે નિરંતર સાત દિવસ સુધી આ કલાપર્વને માણવા બહોળી સંખ્યામાં ગુણી શ્રોતાગણ આતુર

રાજકોટ:

હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત અને ભારતીય કલાના ભવ્ય વારસાને જાળવી રાખવા અને યુવા પેઢીને તેની સાથે જોડવાના આશયથી સતત આઠ વર્ષોથી કલારસિકોના નવા વર્ષને સુરોથી તરબતર કરવા નિઓ રાજકોટ ફાઉન્ડેશન દ્વારા આયોજીત સપ્તસંગીતિ ૨૦૨૬ નો શાસ્ત્રીય સંગીતપર્વનો પ્રારંભ તા. ૦૨ જાન્યુઆરીથી રાજકોટના આંગણે હેમુ ગઢવી હોલ ખાતે થવા જઈ રહ્યો છે. આ કલાકુંભમાં દેશના ખ્યાતિ-પ્રાપ્ત અને અગ્ર પંક્તિના કલા-સાધકો સહિત ૪૦થી વધુ કલાકારો પોતાની કલા રજુ કરશે. કાર્યક્રમની તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવા ૧૦૦ થી વધુ સ્યંસેવકો તથા સંસ્થાના ડિરેકટર્સના માર્ગદર્શનમાં ૧૦ થી વધુ એજન્સીઓ દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગત તમામ વર્ષો કરતા આ વર્ષે રેકોર્ડબ્રેક રજીસ્ટ્રેશન નોંધાયું છે. સતત સાત દિવસ સુધી આ સંગીતપર્વને આતુરતા સાથે માણવા બહોળી સંખ્યામાં ગુણી શ્રોતાજનોનો અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

કલાના આ મહાપર્વની શરુઆત પં. રાજેન્દ્ર પ્રસન્નાજીના શરણાઈના શુભ અને પવિત્ર નાદથી થશે. શહેનાઈના મંગલમય નાદ સાથે સંગીતપર્વનું દ્વાર ખુલે ત્યારે સમગ્ર વાતાવરણમાં શુભતા, ઉત્સવભાવ અને પરંપરાની પવિત્ર સુગંધ છવાઈ જાય છે. બનારસ ઘરાનાના ખુબ જાણીતા સંગીત પરિવારમાં જન્મેલા પંડિત રાજેન્દ્ર પ્રસન્નાજી બાંસુરી અને શહેનાઈ બંને વાદ્યો ઉપર મહારત ધરાવે છે, જે હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં બહુ જ અપેક્ષિત છે. તેમણે બાંસુરી અને શહેનાઈ વાદનની તાલીમ તેમના પિતા પં. રઘુનાથ પ્રસન્ના, કાકા પં. ભોલાનાથ પ્રસન્ના અને પં. વિષ્ણુ પ્રસન્ના પાસે પ્રાપ્ત કરી છે. પ્રથમ ચરણના કાર્યક્રમમાં તેઓ બાંસુરીવાદન પ્રસ્તુત કરશે. તેમની સાથે તેમન પુત્ર પં. રાજેશ બાંસુરીવાદનમાં સાથ આપશે. જ્યારે અભિષેક મિશ્રા તબલા સંગત કરશે. કાર્યક્રમના બીજા ચરણમાં પંડિત રાજેન્દ્ર પ્રસન્નાનું શરણાઈવાદન શ્રોતાને મંત્રમુગ્ધ કરશે. તેમની સાથે શરણાઈ મંડળીમાં સાથી કલાકારો રુદ્ર કુમાર અને વિકાસબાબુ દયાલ શરણાઈ વાદન કરશે. પં.રાજેન્દ્ર પ્રસન્નાના શરણાઈવાદન સાથે પં. મંગલ પ્રસાદજી દુક્કડ વાદનમાં સાથ આપશે. પં. મંગલ પ્રસાદજી પરંપરાગત ભારતીય લોકવાદ્યોમાં વિશેષ ઓળખ ધરાવતા પ્રસિદ્ધ દુક્કડ વાદ્યકાર છે. તેમજ દુક્કડ જેવા લોકવાદ્યને નવી પેઢીમાં લોકપ્રિય અને સજીવન રાખવામાં તેમનો યોગદાન પ્રશંસનીય છે. તેમની સાથે ઉભરતા તબલા વાદક તરીકે સંગીતજગતમાં નામના પ્રાપ્ત કરનાર અભિષેક મિશ્રા તબલા સંગત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નિઓરાજકોટ ફાઉન્ડેશન દ્વારા ''સેન્ટર ફોર એકસલન્સ'' પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરની ૨૪ મ્યુનિસિપલ સ્કૂલોના વર્ગ ૧ થી ૮ ના ૯૦૦૦ વિદ્યાર્થીઓને ગણિત અને અંગ્રેજી વિષયમાં સંસ્થા દ્વારા પૂરા પાડેલ સોફ્ટવેર, ૭૫૦ થી વધુ કમ્પ્યુટર લેપટોપ તેમજ ૩૫ થી વધુ શિક્ષકો સહિત સંપૂર્ણ રીતે વિનામૂલ્યે માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. શાસ્ત્રીય કલા વારસાની જાળવણીના ઉદ્દેશથી શાસ્ત્રીય સંગીત પ્રચારણ કાર્યક્રમ અંતર્ગત સંસ્થા વિનામૂલ્યે, મ્યુનિસિપલ શાળાઓના ૫૦૦ થી વધુ બાળકોને, દેશનો સાંસ્કૃતિક-કલા વારસો જાળવી રાખીને ચરિત્ર ઘડતરના શિક્ષણના ભાગરૂપે, શાસ્ત્રીય ઢબે ગાયન, નૃત્ય, વાદનની પોતાની જ શાળામાં તજજ્ઞ શિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ધોરણ પાંચમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે જ્ઞાનસેતુ યોજના અંતર્ગત એક સ્કોલરશીપ પરીક્ષાનું આયોજન કરે છે. તેમજ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ વોકેશનલ કોર્સ ર્કેઝછઢ્ઠ ૨ઢ તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. સાબરમતી આશ્રમ પ્રિઝર્વેશન અને મેમોરિયલ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા અહિંસાની કેળવણી કાર્યક્રમ અંતર્ગત નીઓરાજકોટ ફાઉન્ડેશન સાથે મળીને રાજકોટની ૧૦ શાળાના ૯૦૦ બાળકોને નોન વાયોલન્સ એટલે કે અહિંસાની કેળવણી આપવામાં આવી રહી છે. આ ઉપરાંત ઘણા પ્રકલ્પોમાં સહયોગ આપી નિઓ રાજકોટ ફાઉન્ડેશન પોતાની સેવા સરવણી વહાવી રહ્યું છે. પ્રથમવાર મ્યુનિસિપલ સ્કૂલના આઠ બાળકો નિઓરાજકોટના સંગીત શિક્ષકો દ્વારા શીખવવામાં આવેલ સમૂહ પ્રાર્થના ગીતથી સપ્તસંગીતિ ઉત્સવની શરૂઆત કરશે. નિઓરાજકોટ ફાઉન્ડેશનનો આ સ્તુત્ય પ્રયાસ છે, જેમાં બાળકોને દિગગજ કલાકારો જે મંચ પર કલા રજૂ કરે છે તે જ મંચ પર રાજકોટના કલારસિકો સમક્ષ કલા પ્રસ્તુતિની તક મળશે.

ગત તમામ વર્ષોના આયોજનોમાં શ્રોતાઓએ પણ વ્યવસ્થામાં પૂરતો સહકાર આપીને તમામ કાર્યક્રમોને અપ્રતિમ સફળતા અપાવી છે. આ વર્ષે પણ ગુણી શ્રોતાઓને પૂર્ણ સહયોગ આપવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. વાહન પાક'ગ માટે હેમુ ગઢવી ઓડીટોરીયમ સામે આવેલ એ.વી.પી.ટી.આઈ.ના ગ્રાઉન્ડમાં વિનામુલ્યે વ્યવસ્થા ગોઠવાઈ છે, તો શ્રોતાઓને વિનંતી છે કે ફાળવેલ સ્થાન ઉપર જ પોતાના વાહનો પાર્ક કરે. જેથી ઓડિટોરીયમની આસપાસના રહીશોને વિઘ્નરુપ ન બને.

લાઠી તાલુકાના મહિલા ખેડૂતોએ મુંદ્રા-કચ્છ ખાતે ખારેક સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી

ખારેકની પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિષયક માહિતી માર્ગદર્શન મેળવતા મહિલા ખેડૂતો

અમરેલી

ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક પાયાની જાણકારી અને માહિતી-માર્ગદર્શન પ્રાપ્ત થાય તે માટે આત્મા અમરેલી દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. ખેડૂતોને સતત માર્ગદર્શન મળે તે માટે સમયાંતરે પ્રાકૃતિક કૃષિ ફાર્મ મુલાકાત, જનજાગૃત્તિ શિબિર, વિવિધ સંસ્થાઓની મુલાકાતનું આયોજન હાથ ધરવામાં આવે છે. આત્મા પ્રોજેક્ટ અમરેલી દ્વારા લાઠી તાલુકાના મહિલા ખેડૂતોને પ્રોત્સાહન મળે ઉપરાંત તેઓ પ્રાકૃતિક ખેત પધ્ધતિ અપનાવતા થાય તે માટે મહિલાઓને મુંદ્રા-કચ્છ ખાતે ખારેક સંશોધન કેન્દ્રની મુલાકાત કરાવવામાં આવી હતી. આ મુલાકાત રાજ્ય અંદર તાલીમનો ભાગ હતો. લાઠી તાલુકાની મહિલા ખેડૂતોએ ખારેકની ખેત પદ્ધતિ, પાકની સામાન્ય અને મહત્વની જરૂરીયાતો સહિતની બાબતે માહિતી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ભારતનું પ્રથમ અને એકમાત્ર ખારેક સંશોધન કેન્દ્ર ગુજરાતના કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકાના ધ્રબ ગામમાં આવેલ છે. સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૧૯૭૮માં આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. જે કચ્છની ખારી જમીનમાં ઉત્તમ ગુણવત્તાની ખારેક (ખજૂર) ઉગાડવા, સંશોધન કરવા અને ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે કાર્યરત છે.

સંદીપ દાનાભાઈ હુંબલના કાઠીયાવાડી અશ્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું

ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ્રતજીના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો

રાજકોટ,

મોરબીએ ઐતિહાસિક ધરોહર છે ત્યારે સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મહત્વના સ્થળ એવા વાંકાનેર ખાતે સરકારના પશુપાલન વિભાગ તથા કાઠીયાવાડી હોર્સ બ્રિડર્સ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વાંકાનેરના રાજવી સ્વ ડો. દિગ્વિજયસિંહ ઝાલાની સ્મૃતિમાં ત્રિદિવસીય કાઠિયાવાડી મારવાડી અશ્વ પ્રદર્શન - રમતોત્સવ 'કામા અશ્વ શો' નો પશુપાલન કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં વિધિવત શુભારંભ કરાવ્યો હતો.

જેમાં અશ્વ શોમાં કાઠીયાવાડી અશ્વમાં સ્થાન સંદીપ દાનાભાઈ હુંબલે મેળવ્યું હતું. સંદીપ દાનાભાઈ હુંબલને ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ્રતજીના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સંદીપભાઈ ના અશ્વનું નામ વાયુ છે જેવો કાઠીયાવાડી અશ્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાત ભરમાં અશ્વ સ્પર્ધામાં નામના મેળવી છે.

અશ્વ શોમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત,પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણમંત્રી રિવાબા જાડેજા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, પશુપાલન નિયામક ડો. ફાલ્ગુની ઠાકર, વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક ડો. ભરતસિંહ ગોહિલ, જસદણ સ્ટેટ સત્યજિતકુમાર ખાચર, આચાર્ય ઘનશ્યામજી મહારાજ, વાંકાનેર પ્રાંત અધિકારી વિપુલ સાકરીયા, મામલતદાર કે.વી. સાનિયા, કાઠિયાવાડી હોર્સ બ્રીડર એસોસિએશનનાશ્રી અજીતસિંહ ગોહિલ સહિત કાઠીયાવાડી મારવાડી અશ્વ શોના પદાધિકારીઓ તથા અશ્વપાલકો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સોમનાથ વેરાવળ સુત્રાપાડા ના યશસ્વી પત્રકાર લોહાણા મહાજન પ્રમુખ દીપકભાઈ કકકડ નો આજે ૬૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ

પત્રકારત્વ-ધર્મ અને સમાજ સેવા નો અનોખો ત્રીવેણી સંગમ એવા દીપકભાઈ કકકડ ને જન્મદીન પ્રસંગે ઠેર ઠેર થી અભીનંદન વર્ષા



સોમનાથ,

સોમનાથ, સુત્રાપાડા, વેરાવળ તેમજ ગીર સોમનાથ-જુનાગઢ જીલ્લાના વર્ષા થી જાણીતા એવા યશસ્વી પત્રકાર દીપકભાઈ કકકડ તેના થનગનતા અને મનગમતા જીવનના ૬૧ વર્ષ માં બુધવારે પ્રવેશ કરી રહયાછે સમાચાર પત્રો અને જાહેરખબર એજન્સી ના સંચાલક યુવા એવા દીપકભાઈ કકકડ વરીષ્ઠ પત્રકાર છે.

સ્વ.પિતાશ્રી વ્રજલાલભાઈ કકકડ અને માતાશ્રી સ્વ.દમયંતીબેન ના આર્શિવાદથી ચાર દસકાનું વર્તમાન પત્રોની દુનીયામાં અસોમ ખેડાણ કરી પ્રગતીના ધેધુર વડલાજેવું પ્રેરક સામ્રાજય વીસ્તારયું છે તેમજ લોકપ્રશ્નો તેમની કલમથી વર્તમાન પત્રોમાં પસીધ્ધકરી અગ્રેસર રહેલ છે સોશ્યલ મીડીયા માં પણ સમાચારો લાઈવ બતાવી રહયા છે સાથે દીપકભાઈએ માત્ર કલમથી સમાચારો લખવાનું ન રાખી સ્વયં સેવા રમત-ગમત, મનોરંજન અને ધર્મમય કાર્યક્રમોમાં જોડાઈ પોતાનું યોગદાન આપેલ છે.

સોમનાથ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની નીતિનાં કારણે બિલ્ડરો, ડેવલોપરોનો વ્યવસાય ઠપ્પ

વેરાવળ,

વેરાવળ-સોમનાથ શહેરમાં બાંધકામ ક્ષેત્રને લઈને ગંભીર સ્થિતિ સર્જાઈ છે. સોમનાથ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી અસ્તિત્વમાં આવ્યા બાદ પણ છેલ્લા દોઢ વર્ષથી બાંધકામ સંબંધિત તમામ મંજૂરી આપવાની પ્રક્રિયા સંપૂર્ણ રીતે અટકી પડી છે. જેના કારણે બિલ્ડરો, ડેવલોપરો અને ઍસ્ટેટ બ્રોકરો નો વ્યવસાય ઠપ્પ થઈ ગયો છે. આ મુદ્દે વેરાવળ ખાતે બિલ્ડરો, ડેવલોપરો અને ઍસ્ટેટ બ્રોકરો ની મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી.જેમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય રાજશીભાઈ જોટવા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક દરમિયાન બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોએ પોતાની મુશ્કેલીઓ રજૂ કરી હતી અને જણાવ્યું હતું કે દોઢ વર્ષથી મંજૂરી ન મળતા આર્થિક સંકટ ઊભું થયું છે.

જો આવનારા સમયમાં યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આંદોલન કરવાની તૈયારી પણ છે. બેઠક દરમિયાન સરકારના જનપ્રતિનિધિ ઓએ ફરી એકવાર હૈયાધારણ આપી હતી કે, આ મુદ્દે રાજ્ય સરકાર સાથે આગામી દિવસોમાં ફરી વાટાઘાટ કરવામાં આવશે અને યોગ્ય ઉકેલ લાવવાનો પ્રયાસ કરાશે તેમ જણાવ્યું હતું.

અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની નીતિનાં કારણે બિલ્ડરો, ડેવલોપરોનો વ્યવસાય ઠપ્પ સાંસદની ઉપસ્થિતિમાં બિલ્ડરો, ડેવલોપરોની મહત્વની બેઠક મળી

રાજકોટ જિલ્લાની ૧૯ આરોગ્ય સંસ્થાઓને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ માટે પ્રમાણિત

રાજકોટ,

રાજકોટ જિલ્લાની ૧૯ આરોગ્ય સંસ્થાઓને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ માટે પ્રમાણિત કરવામાં આવી છે. જેમાં સરપદડ, ગઢકા, ખીરસરા, ધોળીધાર, સાતોદડ, સણોસરા, જેતલસર, મેવાસા, મોવિયા, ઢાંક અને નવી મેંગણીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત ખંભાળા, મેટોડા,લોધીકા, હરિપર પાળ, મોટા રામપર , કેરાડી, સર્વોદય, કોઠારિયા સહિતના આયુષ્માન આરોગ્ય મંદિરોનો સમાવેશ થાય છે.અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદના સતત માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓના ક્ષેત્રે વધુ એક નોંધપાત્ર સીમાચિન્હ હાંસલ કર્યું છે. રાજકોટ જિલ્લાની કુલ ૧૯ આરોગ્ય સંસ્થાઓને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (દ્વઊછજી) નું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે, જે જિલ્લાની આરોગ્ય સેવાઓની ઉચ્ચ ગુણવત્તા અને કાર્યક્ષમતા દર્શાવે છે. આ સિદ્ધિના પરિણામે, આ તમામ આરોગ્ય કેન્દ્રોને આગામી ત્રણ વર્ષ માટે રૂ. ૩ લાખની પ્રોત્સાહન સહાય પણ મંજૂર કરવામાં આવી છે, જેનાથી આરોગ્ય સેવાઓને વધુ સશક્ત અને ગુણવત્તાયુક્ત બનાવવામાં મદદ મળશે. મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન અનુભવી નિષ્ણાત મૂલ્યાંકનકારોની ટીમ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓની ગુણવત્તા, સ્વચ્છતા અને સફાઈ વ્યવસ્થા, દર્દીઓની સુરક્ષા, આવશ્યક દવાઓની ઉપલબ્ધતા, રેકોર્ડ સંભાળવાની સુવ્યવસ્થિત પદ્ધતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંક્રમણ નિયંત્રણની પ્રક્રિયાઓ તેમજ માતા—શિશુ આરોગ્ય સેવાઓ સહિતના વિવિધ મહત્વપૂર્ણ પાસાઓનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

રાજકોટમાં સરદાર વલ્લભભાઇ પટેલ સ્મારક ટ્રસ્ટ દ્વારા શબ્દાંજલી સભા યોજાઇ

જો તમે સાચુ કહેવાની હિંમત મેળવશો તો જ તમે જીવનમાં આગળ વધી શકશોઃ જય વસાવડા

રાજકોટ,

સરદાર વલ્લભભાઇ પટેલની ૭૫મી પુણ્યતિથિ નિમિતે આ મહામાનવને શ્રધ્ધાંજલિ આપવા સરદાર વલ્લભભાઇ પટેલ સ્મારકભવન, રેષકોર્ષ રોડ, કિસાનપરા ચોક, ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ સ્મારક ટ્રસ્ટ, રાજકોટ તરફથી યોજાએલ શબ્દાંજલિ સભામાં સુપ્રસિધ્ધ વકતા અને જાણીતા લેખક જય વસાવડાએ આપણા જીવનમાં ''સરદાર બનવાની કળા વિષય ઉપર પ્રવચન આપેલ.આ કાર્યક્રમમાં સંસ્થના પ્રમુખ જયંતિભાઇ કાલરીયા, મંત્રી અલ્પનાબેન ત્રિવેદી તથા ટ્રસ્ટીઓ ધીરૂભાઇ ધાબલિયા, કમલભાઇ ધામી, કૌશિકભાઇ મહેતા તથા સ્મિતાબેન ઝાલા અને દંડક મનિષભાઇ રાડીયા ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆત શ્રી સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિથી કરવામાં આવેલ ત્યારબાદ ગીતાબેન ચૌહાણએ પ્રાર્થના અને ભજનો દ્વારા ભાવાંજલિ આપેલજય ભાઈ તેમના પ્રવચનમાં કહ્યું સરદારે દેશને આગળ લાવવા માટે અને બંધારણ માટે બધા જને સાથે રાખીને કામ કર્યું છે. તો આપણે પણ આપણા જીવનમાં જો આ જ બધી ગુણો કેળવીએ તો આપણે પણ સરદાર વલ્લભભાઈ પટેલ ન બની શકે તો કંઈ નહીં પણ આપણા જીવનના આપણા સંજોગોના સરદાર ચોક્કસ બની શકાય.

રાજકોટ ન્યુ જાગનાથમાં પાઈપલાઈન - ડામરકામ ઝડપી પૂર્ણ કરવા મુલાકાત લેતા મ્યુ. કમિશ્નર તુષાર સુમેરા



રાજકોટ,

રાજકોટના વોર્ડ નં.૭ ન્યુ જાગનાથ સરદાર નગર તેમજ ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી વિસ્તારમાં ડીઆઈ પાઈપલાઈન અને રોડ રસ્તાનું ડામર કામ ઝડપ થી પૂર્ણ કરવા કમિશ્નર શ્રી તુષાર સુમેરા અને કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ દ્વારા વિસ્તારની મુલાકાત લીધી હતી. વોર્ડ- ૭ ના ન્યુર જાગનાથ સરદાર નગર તેમજ ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટી વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા પાણીની નવી ડીઆઈ પાઈપલાઈન નાખવામાં આવેલ છે. જેના કારણે આ સંપૂર્ણ વિસ્તાર ખોદવામાં આવ્યો છે. હજુ પણ ૪/૫ જગ્યાએ પાણીને મેઈન લાઈન સાથે જોડાણ નું કામ તેમજ અમુક વિસ્તારમાંલાઈન પાથરવાનુંકામ બાકી હોય રાજકોટ મહાનગર પાલિકાના કમિશ્નર શ્રી તુષાર સુમેરા દ્વારા કોર્પોરેટરશ્રી દેવાંગભાઈ માંકડની રજુઆતને ધ્યાનમાં લઈને વિઝીટ કરવામાં આવેલ ,વિઝીટ દરમ્યાન સીટી એન્જી. શ્રી અતુલભાઈ રાવલ તેમજ વોર્ડ ૭ ના અધિકારીઓ ને આ વિસ્તારનું નળ જોડાણનું કામ તેમજ ૧થી ૪૧ ન્યુ જાગનાથ ,સરદાર નગર અને ગવર્મેન્ટ સર્વન્ટ સોસાયટીમાં ડામરના રસ્તા બનાવવાનું કામ તાકીદે પૂર્ણ કરવા સુચના આપવામાં આવેલ . આ મુલાકાત દરમ્યાન ઉપરોક્ત વિસ્તાર ના રહેવાસી / લોકો ને પડતી તકલીફ /હાલાકી વિશે કોપોરેટર દેવાંગભાઈ માંકડ એ કમિશ્નર અને અધીકારીઓને અવગત કરાવેલ, અને પાણીની લાઈન અને રોડ રસ્તાનું ડામર કામ ઝડપથી પૂર્ણ કરવા માટે ના જરૂરી પગલા લેવા, માણસોને મશીનરી ઉમેરવા જણાવેલ. આ મુલાકાત દરમ્યાન સ્થાનિક અગ્રેણી શ્રી શાંતુભાઈ રૂપારેલીયા, પૂર્વ પ્રમુખ શ્રીકૌશિકભાઈ ચાવડા, નિકુંજભાઈ વૈધ, નીરવભાઈ શેઠ, મોહિત ગણાત્રા, જતીનભાઈ બગડાઈ, દર્શનભાઈ પેંગયાતર, પરેશભાઈ વિઠલાણી, મિતુલ લાલ તેમજ ૨૦ જાગનાથના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા, અને તેમને પડતી મુશ્કેલી વર્ણવી હતી ઝડપી ડામર કામ કરવા માટે સુચન કરેલ.

મોરબી જીલ્લાનું નેસડા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાણીના જતન માટે ગ્રામ સભાનું આયોજન

મોરબી જીલ્લાનું ટંકારા તાલુકાનું નેસડા ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ

મોરબી

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયા એ જણાવેલ કે, ગામના લોકોને ચેકડેમ દ્વારા વરસાદી પાણી કેવી રીતે બચાવવું તે સમજાવ્યું. તેમણે વરસાદી પાણીનું મહત્વ, તેનો સંગ્રહ અને જમીનના સ્તરને ઊંચા લાવવા માટે ચેકડેમ કેવી રીતે અસરકારક છે, તે અંગે ગામ લોકોને માર્ગદર્શન આપ્યું. તેમણે સમજાવ્યું કે ચેકડેમથી જળસ્તર ઉંચું આવશે, વરસાદી જળનો સંગ્રહ કરવાથી જમીનના અંદરના પાણીનું સ્તર વધશે, ખેતી માટે સતત પાણી ઉપલબ્ધ રહેશે, ખેતી ખર્ચ ઘટશે અને ખેડૂતો એક કરતા વધુ સિઝનમાં ખેતી કરી શકશે.આ પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના અગ્રણી શ્રી ભાવેશભાઈ સખિયાએ પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, "આવનારા સમયમાં પાણીની કટોકટીથી બચવા માટે અત્યારથી જ જાગૃત થવું અનિવાર્ય છે. આકાશમાંથી વરસતા વરસાદી ટીપે-ટીપાનો સંગ્રહ કરી તેને જમીનમાં ઉતારવા એ જ શ્રેષ્ઠ ઉપાય છે."તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો આપણે આજે પાણીનું જતન કરીશું, તો જ ભવિષ્યની પેઢીને પૂરતું પાણી મળી રહેશે. ખેત તલાવડી, ચેકડેમ અને બોર રિચાર્જિંગ જેવી પદ્ધતિઓ અપનાવીને ગામનું પાણી ગામમાં જ રોકવા માટે તેમણે ગ્રામજનોને આહ્વાન કર્યું હતું.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ કાર્ય કરી રહ્યું છે. સમગ્ર ગુજરાતમા સંપૂર્ણ લોકભાગીદારીથી પૃથ્વીના સમગ્ર જીવસૃષ્ટિના રક્ષણ માટે જમીનના તળમાં બોર-કુવામાં વરસાદી મીઠા પાણીનાં તળ ઊંચા લાવવા, માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેક ચેકડેમ રીપેરીંગ ઊંચા, ઊંડા તેમજ નવા બનાવવામાં આવેલ છે. તથા અમારી સંસ્થા દ્વારા બોર રિચાર્જ ની પ્રક્રિયા પણ કરવામાં આવે છે. ઉપરાંત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧,૧૧,૧૧૧ ચેકડેમ તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવેલ છે. આ ગ્રામસભામાં નેસડા ગામના સરપંચ શ્રી પંકજભાઈ ભાડજા, કિશાન સંઘના પ્રમુખશ્રી મહાદેવ મગનભાઈ, હરજીવનભાઈ ભાડજા, ગંગાભાઈ ભાડજા, લાલજીભાઈ ભાડજા, જશમંતભાઈ ચીકાણી, નંદલાલભાઈ ભાડજા તેમજ સમગ્ર ગ્રામજનો ભાઈઓ જોડાયા હતા.